<u>ભંડારણ વિકાસ તથા વિનિમય પ્રાધિકરણ પર પ્રશિક્ષણ તથા જાગૃતિ કાર્યક્રમ યોજાયો</u>

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ ખાતે તા.૧૭/૧૨/૨૦૧૫ના રોજ કેંન્દ્રિય ભંડારણ નિગમ, અમદાવાદના સહયોગથી ભંડારણ વિકાસ તથા વિનિમય પ્રાધિકરણના સંદર્ભમાં એક દિવસીય પ્રશિક્ષણ તથા જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. સદર કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પધારેલ આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડો. પી.પી.પટેલ સાહેબે તેમના પ્રવચનમાં ખેડુતોને સરકારી ભંડારણમાં પોતાના બીયારણ અને અનાજનો સંગ્રહ કરવા સુચન કર્યું હતું અને આ ઉપરાંત વધુ ને વધુ ખેડુતોને રાજ્યના ભંડારણ નિગમનો લાભ લેવા જણાવ્યુ હતું. કેંન્દ્રિય ભંડારણ નિગમ, અમદાવાદના શ્રી. ગુરુદત્ત સાહેબે ભારત સરકારના ભંડારણ નિગમ વિશે વિસ્તૃતમાં માહિતી આપી હતી તેમજ ખેડુતોના વિવિધ પ્રશ્નોનું નિવારણ કર્યું હતુંડો. પી. બી. પટેલ સાહેબે અનાજ સંગ્રહ વખતે લેવાતી કાળજી અને જીવાત નિયંત્રણના વિવિધ પગલાંઓ વિષે જાણકારી આપી હતી. સદર કાર્યક્રમમાં ૧૦ ગામોમાંથી કુલ મળી ૫૦ ખેડુતો હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં કેવિકે, દેવાતજના પ્રોગ્રામ કોઓર્ડિનેટરશ્રી, ડો. જી. જી. પટેલે આમંત્રિત મહેમાનો તેમજ ખેડુત ભાઇઓનું શાબ્દીક તથા પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું તેમજ અનાજ સંગ્રહની અગત્યતા વિશે ટુંકમાં ચિતાર આપ્યો હતો. ભોજન વિરામ બાદ બધા ખેડુતોએ આણંદ ખાતે આવેલ સરકારી ભંડારણની મુલાકાત લીધી હતી સૌ ખેડુતોને કાર્યક્રમના અંતે પ્રમાણપત્ર તેમજ બેગ આપવામાં આવ્યા હતા.

શ્રી વાય. સી. લકુમ, વિષય નિષ્ણાંત (એગ્રોનોમી)એ અંતમાં કાર્યક્રમની આભારવિધી કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલનશ્રી જે. એચ. ભટ્ટ, વિષય નિષ્ણાંત (ફિશરીઝ)એ કર્યું હતુ.




